**ગોધરાના મહે.બીજા એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ગોધરા, જિ.પંચમહાલ**

**ક્રિમિનલ કેસ નં.૧૨૩૭/૨૦૨૫**
**આંક:- ૧૨**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

| અનુ. નં. | આરોપીઓ | ઉ.વ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|---|
| (૧) | રઝાકભાઈ અબ્દુલ ભાઈ શેખ | ૩૬ | ખેતી | લાડપુર, શેખ ફળિયું, તા. ગોધરા, જિ. પંચમહાલ. |
| (૨) | કમલેશભાઈ રમેશભાઈ પણદા | ૨૩ | મજુરી | પરવડી, રેલ્વે ફળિયું, તા.ગોધરા, જિ.પંચમહાલ. |
| (૫) | મહેન્દ્રભાઈ અભેસિંહ નિનામા | ૨૩ | મજુરી | પરવડી, રેલ્વે ફળિયું, તા. ગોધરા, જિ.પંચમહાલ. |
| (૭) | સિકંદર ગુલામભાઈ શેખ | ૨૮ | મજુરી | ગુરૂકૃપા સોસાયટી,સંતરામપુર, તા. મહીસાગર. |

---

**ગુનો : જુગાર ધારાની કલમ ૧૨ મુજબ.**

---

(૧) સદરહું કામના આરોપીઓ વિરૂધ્ધ **જુગાર ધારાની કલમ ૧૨** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. સદર ગુનાન કામે આરોપી નં. ૧,૨,૫ અને ૭ નાઓ અત્રેની અદાલતમાં હાજર થતા તેમને બી.એન.એસ.એસ.ની કલમ ૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપી, અનુક્રમે આંક-૬ થી ૯ સુધી પ્લી લેતા આરોપીઓએ ગુનાનો સ્વીકાર કરેલ છે.

(૨) આરોપીઓએ ગુનાની કબુલાત કરતા તેમને સદર ગુનાની કબુલાત અંગે વિચારવા માટે સમય જોઈએ તો તે આપવાનું જણાવેલ છે. તેમ છતાં આરોપીઓએ સદર ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ હોવાનું જણાવેલ છે તો વધુમાં આરોપી નં. ૧,૨,૫ નાઓએ તેમની લેખિત ગુન્હા કબુલાતની પુરસસી આંક-૧૦ તથા આરોપી નં. ૭ નાઓએ આંક-૧૧ થી રજુ કરેલ છે. તેમાં તથા મારી

સમક્ષની રજુઆતમાં જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુન્હો છે. સજાની જોગવાઈ અંગે આરોપીને માહિતગાર કરેલ હોવા છતાં કબુલાત કરવા ઈચ્છે છે અને જણાવે છે કે તે ગરીબ માણસ છે તેમજ દયા કરવા અરજ ગુજારેલ છે અને ગુના અંગે પસ્તાવો વ્યકત કરેલ છે.

(૩) વધુમાં તમામ રેકર્ડ ઉપરની હકીકતો ઘ્યાને લેતા આરોપીઓ વિરૂઘ્ધ આ કામના આરોપીઓએ તા. ૧૪/૮/૨૪ ના કલાક ૦૧–૦૦ વાગે મોજે પરવડી ગામે રેલ્વે ફળિયામાં ખુલ્લી જગ્યામાં લાઈટના અજવાળે, ગોધરા મુકામે ભેગા મળીને ગંજી પાના પત્તાનો પૈસા વડે હાર જીતનો જુગાર રમી રમાડી, જુગારના સાધનો ગંજી પાના પત્તા નંગ ૫૨, કિંમત રૂા. ૦૦–૦૦ તથા અંગ ઝડતીમાંથી મળેલ રૂા. ૮,૮૫૦/– તથા દાવ ઉપર થી મળેલ રૂા. ૩,૨૫૦/– મળી કુલ રોકડ રૂા. ૧૨,૧૦૦/– ના જુગારના મુદ્દામાલ સાથે આરોપીઓ પોલીસની રેઈડ દરમ્યાન પકડાઈ જઈ જુગાર ધારાની કલમ ૧૨ મુજબનો ગુનો બનતો હોવાનુ અત્રેની કોર્ટનુ માનવુ છે. આ ગુનાની ટ્રાયલ માટે હાલના કામનો સરકારી અમલદાર ફરિયાદી, સાહેદ, પંચો, વગેરે નાઓને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય.

(૪) વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસોના ભારણને ઘ્યાને લેતા ટુંક સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહીં. આરોપીનો સમય, કોર્ટનો સમય, ફરિયાદ પક્ષે સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય જે આ ટ્રાયલ પાછળ થાય અને ટ્રાયલને અંતે આરોપીઓ કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયીક હુકમ કરવામાં આવે તેના બદલે જો આરોપીઓ હાલનો ગુનો કબુલ કરે છે ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજુ કરેલી હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં યુટીલાઈઝ કરી શકાય તેમ હોઈ ઉપરાંત આરોપી જયારે સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિઓને ઘ્યાને લઈ તેમજ ***ગુજરાત સરકાર વિરૂઘ્ધ નટવર હીરાચન્દ્રજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯*** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત ઘ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતા ઓછી સજા કરી ઓછો દંડ કરવામાં આવે તો ન્યાયનુ હિત જળવાઈ રહે.

આમ, આરોપીઓની મારી સમક્ષની રજૂઆત સ્વેચ્છા પુર્વકની કબુલાત જણાતી હોય કેસના સંજોગો ઘ્યાનમાં લઈ આરોપી નં. ૧,૨,૫ અને ૭ નાઓને સદર ગુન્હામાં તકસીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**-:: હુકમ::-**

(૧) સદર કામના આરોપી નં. (૧)રઝાકભાઈ અબ્દુલ ભાઈ શેખ, રહે. લાડપુર, શેખ ફળિયું, તા. ગોધરા, જિ. પંચમહાલ (૨) કમલેશભાઈ રમેશભાઈ પણદા,પરવડી, રેલ્વે ફળિયું, તા.ગોધરા, જિ.પંચમહાલ,(૫) મહેન્દ્રભાઈ અભેસિંહ નિનામા, રહે. પરવડી, રેલ્વે ફળિયું, તા. ગોધરા, જિ.પંચમહાલ, (૭)સિકંદર ગુલામભાઈ શેખ, ગુરુકૃપા સોસાયટી,સંતરામપુર,તા. મહીસાગરનાઓને બી.એન.એસ.એસ.ની કલમ ૨૭૫ અન્વયે **જુગાર ધારાની કલમ ૧૨** મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨) આરોપી નં. ૧, ૨,૫ અને ૭ નાઓને **જુગાર ધારાની કલમ ૧૨ મુજબના ગુન્હા માટે** કોર્ટ ઉઠતા સુધીની સજા તથા પ્રત્યેક આરોપીએ **રૂ.૨૦૦ /-** પુરા (અંકે રૂપિયા બસો પુરા) દંડ અને જો દંડ ન ભરે તો **દિન-ત્રણ** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**કુલ દંડ રૂા. ૮૦૦/-(અંકે રૂપિયા આઠસો પુરા)**

(૩) આરોપી નં. ૩, ૪, ૬ નાઓ સામે કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામા આવે છે.

(૪) અન્ય આરોપીઓ સામે કેસ ચાલુ હોય હાલના તબકકે મુદ્દામાલ અંગે કોઈ હુકમ કરવામા આવતો નથી.

હુકમ આજરોજ તા. ૧૨, માહે- જુલાઈ, સને -૨૦૨૫ ના રોજ સ્પે. સીટીંગમાં જાહેર કર્યો.

તારીખ:-૧૨/૭/૨૦૨૫
ગોધરા.

(આરાધના આર.યાદવ)
બીજા એડી.જયુડી. મેજી.ફ.ક.
ગોધરા,જિ.પંચમહાલ.
કોડ નં.જી જે ૦૧૬૭૨

(આર.એ.શર્મા)